ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૮-૨-૨૦૨૩

- **કેન્દ્રીય ખેલમંત્રાલયની વેબસાઈટ ઉપરથી ૧૦૮ અર્જુન એવોર્ડ વિજેતા, ૧૩ મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ વિજેતા, ૩૬ દ્રોણાચાર્ય એવોર્ડ વિજેતાઓના નામ ગાયબ.**
- **વર્ષ ૨૦૨૧માં રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડનું નામ બદલી મેજર ધ્યાનચંદ કરવામાં આવ્યું તે વેબસાઈટ ઉપર અપડેટ થઈ શકે પણ દેશનું રોશન કરતા એવોર્ડ વિજેતાઓનું નામ અપડેટ ન થાય તે ખુબ દુઃખદ છે.**
- **ડીજીટલ ઈન્ડીયાના ફ્લેગશીપ પ્રોગ્રામ હેઠળ ચાર વર્ષમાં ૨૪૬૪૯ કરોડનું બજેટ ફળવાય પણ સરકાર પોતાની જ વેબસાઈટ અપડેટ કરવામાં નિષ્ફળ.**

આજ રોજ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસવાર્તાને સંબોધતા પાર્થિવરાજસિંહ કઠવાડીયા જણાવ્યું કે કેન્દ્રના ખેલ મંત્રાલયની વેબસાઈટ https://yas.gov.in/sports/sports-awards-0 પર થી દેશનું ગૌરવ ગણાતા મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ, અર્જુન એવોર્ડ વિજેતા ખેલાડીઓ અને દ્રોણાચાર્ય એવોર્ડ વિજેતા કોચના નામ ગાયબ છે. ફેબ્રુઆરી 2023 માં વેબસાઈટ અપડેટ થઈ હોય છતાં 2018 પછી અર્જુન એવોર્ડ વિજેતા મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ વિજેતા, મેજર ધ્યાનચંદ લાઈફટાઈમ એવોર્ડ વિજેતા ખેલાડીઓ અને દ્રોણાચાર્ય એવોર્ડ વિજેતા કોચીસના નામ સરકારની ખેલ મંત્રાલય ઉપર અપડેટ નથી કરવામાં આવ્યા, તે દેશનું નામ વિશ્વ ની ફલક ઉપર રોશન કરતા ખેલાડીઓનું અપમાન છે. વર્ષ 2018 પછી દેશ ભરમાં 106 ખેલાડીઓને અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. 13 ખેલાડીઓને મેજર ધ્યાનચંદ ખેલરત્ન અને 36 મેજર ધ્યાનચંદ લાઈફટાઈમ એવોર્ડ થી 2018 પછી સન્માનિત કરવામાં આવ્યા છે. વિશ્વની ફલક ઉપર ભારતનું નામ રોશન કરતા ખેલાડીઓને તાલીમ આપતા 36 કોચિસને દ્રોણાચાર્ય એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. ભાજપ સરકાર રાજનીતિ કરવા માટે ખેલ અને ખેલાડીઓનો ઉપયોગ કરી શકે છે, પણ તેમને પૂરતું સન્માન નથી આપી સકતાં. વર્ષ 2021માં રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડનું નામ બદલી મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ કરવામાં આવ્યું તે સરકારી વેબસાઈટ ઉપર અપડેટ થઈ જાય પણ ખેલવીરો- રમતવીરોના નામ અપડેટ ના થાય. સરકાર ડિજિટલ ઈન્ડિયાના નામે છેલ્લા 5 વર્ષમાં 24649 કરોડનું બજેટ ફાળવ્યા પછી પણ સરકાર પોતાના મંત્રાલય માં અમલીકરણ કરવામાં નિષ્ફળ ગયી છે. રવિન્દ્ર જાડેજા, બજરંગ પુનીયા, વીનેશ ફોગાટ, રોહિત શર્મા, ઈશાંત શર્મા, મિતાલી રાજ જેવા અનેક વિશ્વ વિખ્યાત ખેલાડીઓ જે દેશનું સન્માન અને ગૌરવ છે, તેવા ખેલાડીઓના નામ ખેલ મંત્રાલયની વેબસાઈટ ઉપરથી ગાયબ થવું તે શરમજનક છે. દરેક રમત ગમત માં દેશનું ગૌરવ વધારતા આ ખેલાડીઓ દેશના યુવાનોના પ્રેરણા સ્ત્રોત છે, ખેલાડીઓના નામ અપડેટ ના થવું દુઃખદ છે. ખેલ મંત્રાલય તાત્કાલિક સન્માનીય ખેલાડીઓ અને કોચીસના નામ અપડેટ કરવાની માંગ કરીએ છીએ.

**૨૦૧૯ થી ૨૦૨૨ સુધીના એવોર્ડ વિજેતા ખેલાડીઓ અને કોચીંસ જેમના નામ ખેલ મંત્રાલયની વેબસાઈટ ઉપરથી ગાયબ છે.**

| અર્જુન એવોર્ડ વિજેતા | મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ | મેજર ધ્યાનચંદ લાઈફટાઈમ એવોર્ડ | દ્રોણાચાર્ય એવોર્ડ |
|---|---|---|---|
| ૧૦૬ ખેલાડીઓ | ૧૩ ખેલાડીઓ | ૩૬ ખેલાડીઓ | ૩૬ કોચીંસ |

(પાર્થીવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા, મો. 9898134146